Volume 3, Issue 9

December

2025


# ટપક

## E-MAGAZINE


૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત



### ૧ અને ૨ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલા કુદરતી ખેતીના રાજ્યસ્તરીય કાર્યક્રમમાં મોનીકાબેન અને પરેશભાઈ ઉપસ્થિત રહ્યા.



### ૦૪/૧૨/૨૦૨૫ના રોજ બેટર કોટન કાર્યક્રમ અંતર્ગત અમરેલી અને ગીર સોમનાથ જીલ્લાકક્ષાની માસિક સમીક્ષા અને આયોજન બેઠક નલિયા માંડવી ખાતે યોજવામાં આવી.



**બેટર કોટન કાર્યક્રમમાં સમાવિષ્ટ પ્રવૃતિઓ જેવી કે TDS મીટર દ્વારા ખેતી વપરાશમાં ઉપયોગી પાણીની ગુણવત્તાની ચકાસણી, ટકાઉ ખેતી પધ્ધતિ સાપસીડી ગેમ અને વોટર બજેટિંગ એક્ટિવિટી ગેમ, એલજી ગ્રુપ મીટીંગ, માટી અને પાણી પરીક્ષણના નમુના એકત્ર કરવા, IHD સર્વે, મજુર તાલીમો, સેલ્ફ અસેસમેન્ટ, વિણી સંગ્રહ અને વેચાણ તાલીમ, એન્ટરપ્રીનીયોરની મુલાકાત વગેરે હાથ ધરવામાં આવી.**












## કન્વર્જન્સ

### ચિતલ ગામમાં 30 બહેનોને મહિલા વૃત્તિકા તાલીમ આપવામાં આવી.





### માનવ કલ્યાણ યોજના દ્વારા ૮ બહેનોને બ્યુટી પાર્લરની કીટ આપવામાં આવી.






## બાબરા ગામમાં ૧૬ બહેનોનો સીવણ વર્ગ શરુ કરવામાં આવ્યો.




## આંબાવાડી FPO દ્વારા આપણા કાર્યક્રમના ૧૦૦ ખેડૂતોને સૂર્યમુખીના બીજ વિતરણ કરવામાં આવ્યા.



E-MAGAZINE
Volume 3, Issue 9
December 2025

## આત્મા પ્રોજેક્ટની મદદથી નારિયેળી મોલી ગામે બાયો રિસોર્સ સેન્ટર આપવામાં આવ્યું. તેમજ ચિતલ ગામ ની ૮ બહેનો અને જસવંતગઢ ગામની ૨ બહેનોને પશુ માટે ખાણદાણની ૨ બેગ આપવામાં આવી.






## ચિતલ, જસવંતગઢ અને મોણપુર ગામના ૧૦૦ ખેડૂતોને કેવીકે અમરેલી ખાતે પ્રાકૃતિક ખેતીની તાલીમ અને પ્રેરણા પ્રવાસ કરાવવામાં આવ્યો.










## ૨૫ અને ૨૬ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ કોટનકનેક્ટ દ્વારા પરફોર્મન્સ સમીક્ષા થી પ્રોજેક્ટ સંકલન પર કાર્યશાળા આયોજિત કરવામાં આવી.






## ઉદ્યોગ સાહસિક બ્યુટી પાર્લરની ૨૪ બહેનોને તા. ૦૬/૧૨/૨૦૨૫ના રોજ નેઈલ આર્ટની તાલીમ અમરેલી ઓફીસ ખાતે આપવામાં આવી.




## ૧૭મી ડીસેમ્બર ૨૦૨૫ના રોજ બ્યુટી પાર્લરની બહેનોને અમદાવાદ ખાતે એક્સપોઝર વિઝિટ કરવામાં આવી.








## તા. ૧૯ અને ૨૦ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ MEL અને GIF આયોજન અને રણનીતિ અંગે પીયુ મેનેજરની બે દિવસીય તાલીમ અમદાવાદ મુકામે યોજાઈ જેમાં પ્રવીણભાઈ, પરેશભાઈ, અર્જુનભાઈ, કૌશિકભાઈ અને ઉમિયાબેને ભાગ લીધો હતો.





ટપક E-MAGAZINE

Volume 3, Issue 9

December 2025

સંસ્થાએ ૨૫ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ‘16 Days Activism’ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત મહિલા અને બાળ વિકાસ વિભાગ, નારી અદાલત, સખી વન સ્ટોપ સેન્ટર, કાનુની સહાય કેન્દ્ર અને એસએસકેકેના સહયોગથી ૦૮-૧૨-૨૦૨૫ ના રોજ શેખ પિપરીયા ખાતે ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ પર કાનૂની માર્ગદર્શનની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં લગભગ ૧૭૨ મહિલાઓએ ભાગ લીધો હતો. સાળવા, રબારીકા અને ઘુંઘવાણા ગામમાં જેન્ડર શિક્ષણ વર્ગના બાળકોએ રેલીનું આયોજન કર્યું હતું અને ગ્રામજનોને મહિલાઓ સામેની હિંસા વિશે જાગૃત કર્યા હતા.










**એપીએફ કાર્યક્રમ હેઠળ, ૫ ગામોમાં સીએલસી મીટિંગ, કામના ટેન્ડર માટેની પ્રક્રિયા અને કુવા રિચાર્જ લાભાર્થીઓ અને કડિયા સાથે મીટિંગ, માસિક અને સાપ્તાહિક સ્ટાફ સમીક્ષા આયોજન મીટિંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.**






**સંસ્થાના ભરતભાઈ વાળા, નરેન્દ્રભાઈ પોકિયા, રમેશભાઈ સોલંકી, રાજેશભાઈ રાઠોડ અને પરેશભાઈ સોલંકી દ્વારા તા. ૧૧ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ કેવીકે અરણેજની મુલાકત કરવામાં આવી. કેન્દ્રમાં નવી અને સુધારેલી પાક જાતો, રિસર્ચ પ્લોટમાં ચાલી રહેલા પ્રયોગો અંગે માહિતી મેળવી તેમજ ખેડૂતો માટે ઉપયોગી ટેકનિક્સ અને મોડલ વિશે માર્ગદર્શન લેવામાં આવ્યું હતું. સંશોધન કેન્દ્રના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ વિરેન્દ્રભાઇ પરમાર સાથે ભાલીયા ઘઉંની જાત અંગે પણ ચર્ચા કરવામાં આવી.**









ટપક E-MAGAZINE
Volume 3, Issue 9
December 2025

## તાલુકા સ્તરની ૨ GPDP અને ક્લાઈમેટ ચેમ્પિયન તાલીમનું આયોજન ૬૪ લોકો સાથે કરવામાં આવ્યું. જેમાં પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના નીતિનભાઈ અગ્રાવતે ક્લાઈમેટ-અનુકૂલનશીલ ટકાઉ ખેતી પર સત્રનું નેતૃત્વ કર્યું હતું.






## ગોંડલ ક્લસ્ટરના ૩ ગામોમાં કોમન રિસોર્સ મેનેજમેન્ટ પ્લાન વિકસાવવા પર તાલીમનું આયોજન કર્યું, જેમાં ૯૮ સહભાગીઓએ ભાગ લીધો હતો.







## કાર્યક્ષમ પાણી બચત પદ્ધતિઓને ટેકો આપતી ટપક સિંચાઈ માટે ૭ ગામોના ૧૨ ખેડૂતોને સહાય પૂરી પાડવામાં આવી.









ગોંડલ, કોટડા સાંગાણી અને જસદણ તાલુકાના ૫૦ ડેરી ખેડૂતો માટે ગોંડલમાં "પશુ સખી" તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોંડલના પશુચિકિત્સા અધિકારીઓ શ્રી જે. એમ. ચૌધરી અને શ્રી પી. પાનસુરિયાના માર્ગદર્શન હેઠળ સહભાગીઓએ પશુધન વ્યવસ્થાપન, પોષણ, સંવર્ધન (કૃત્રિમ ગર્ભાધાન સહિત), રહેઠાણ અને આરોગ્ય સંભાળના મુખ્ય પાસાઓ વિશે શીખ્યા. તાલીમમાં યોગ્ય ખોરાક અને પાણી આપવું, જન્મ સમયે વાછરડાની સંભાળ, રોગોની ઓળખ, કૃમિનાશક અને રસીકરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ગ્રામ્ય સ્તરની પશુ સંભાળમાં "પશુ સખીઓ" ની ભૂમિકા પણ સ્પષ્ટ કરવામાં આવી હતી અને હેલ્પલાઈન ૧૯૬૨ દ્વારા સરકારી સહાય વિશે માહિતી શેર કરવામાં આવી હતી.













Share your review




www.sskkamreli.org info@sskkamreli.org

## ૧૯૧ મહિલાઓને જ્વેલરી બનાવવાના ટેબલ, ૬૧ મહિલાઓને પીવાના પાણીની ટાંકી અને ૧૦૦ મહિલાઓને પ્રાણીઓ માટે સ્વયં સંચાલિત પીવાના પાણીની ટાંકી આપવામાં આવી હતી.








## વાળધરી ગામના ૧૬૨ પુરુષો અને ૧૧ મહિલાઓને રેશન કાર્ડ કેવાયસી, આયુષ્માન કાર્ડ અને પીએમ કિશાન કેવાયસી જેવી વિવિધ સરકારી યોજનાઓમાં જોડવામાં આવ્યા.



## ૧૪ ગામોમાં ડિજિટલ અને નાણાકીય સાક્ષરતાના ૩ તાલીમ કાર્યક્રમો પૂર્ણ કરવામાં આવ્યા જેમાં ૪૪૮ સહભાગીઓ જોડાયા.



## કિરણભાઈ પાટીલ દ્વારા તા. ૧૫ થી ૧૭ ડીસેમ્બર, ૨૦૨૫ના રોજ પીયુ-૧૪ની અને ૨૩ ડીસેમ્બર, ૨૦૨૫ના રોજ પીયુ-૧૪ની સપોર્ટ વિઝીટ કરવામાં આવી.





Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

2023 TOP-RATED GREATNONPROFITS NONPROFIT

GuideStarIndia GOLD — TRANSPARENCY CERTIFIED — VALID TILL JUN 2021 — AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

GuideStarIndia — Commitment to Transparency Verified, Valid till Dec 2023 — Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

Share your review



www.sskkamreli.org
info@sskkamreli.org